# મતવાલા, મેજિકલ મહાન અભિનેતાઃ મોતીલાલ

**સંગત સિતારોં કી**

★ સંજય છેલ




૧૯ ૬૦ના દાયકામાં મુંબઈનાં કોઈ ખાલી ફ્લેટમાં મોતીલાલ નામનો એક્ટર, એક જમાનાનાં સ્ટાર ચંદ્રમોહન સાથે બેઠો છે. આજે ચંદ્રમોહન પાસે પૈસો કે કામ નથી. એક જમાનાના બેઉ સ્ટાર્સ પોતપોતાની વેદનાનાં તાપણાં પાસે બેઠાં છે. આવી ઉદાસ સાંજો એમનું રોજનું રૂટીન છે. પણ આજે ચંદ્રમોહન 'વેટ-૬૯'નામની મોંઘી શરાબ એકલો એકલો પી રહ્યો છે. આ જોઈને મોતીલાલને નવાઈ લાગે છે કે, આજે એનો દિલદાર મિત્ર ચંદ્રમોહન એને એક પેગ પણ ઓફર કેમ નથી કરી રહ્યો? પછી મોડી રાત્રે મોતીલાલ જ્યારે ઘરે જવા નીકળે છે ત્યારે ચંદ્રમોહન બારણે આવીને એને ભેટીને કહે છે, 'સોરી યાર, આજે મેં તને એક પણ પેગ ઓફર ન કર્યો. કારણ કે સાચું કહું? 'વેટ-૬૯'ની પેલી વિદેશી શરાબની બોતલમાં હું દેશી દારૂ ભરીને પી રહ્યો હતો! એ હું તને ઓફર કઈ રીતે કરું? તું મારો મિત્ર ભલે છે પણ મારાથી મોટો સ્ટાર અને મહાન અભિનેતા છે, મારે એ વાતની આમન્યા તો જાળવવી જ જોઈએને?

થોડા દિવસો પછી એ ચંદ્રમોહન, ખિસ્સામાં એક પણ રૂપિયા વિના સડક પર મરી જાય છે. 'ઝિંદગી ખ્વાબ હૈ. ખ્વાબ મેં જૂઠ ક્યા ઔર ભલા સચ હૈ ક્યા?'ગીત ગાનારો મોતીલાલ પણ નિર્માતા બનીને, નુકસાન ઝીલીને ઝિંદગીને ખ્વાબની જેમ જીવીને, દેવાદારની હાલતમાં મૃત્યુ પામે છે પણ બેઉની દોસ્તીની કસ્મો આજે પણ લેવાય છે. 4 ડીસેમ્બર 1910માં સિમલામાં જન્મેલા મોતીલાલ રાજવંશ, 1930થી 1960 સુધીનો એ ચમકતો સિતારો. હિન્દી સિનેમાના શરૂઆતના દિવસોમાં, જ્યારે પારસી-ઉર્દૂ- નાટકોને લીધે કલાકારો એક્ટિંગ કરતા ત્યારે મોતીલાલે નેચરલ એક્ટિંગનો ટ્રેન્ડ શરૂ કરલો. મોતીલાલ એક્ટિંગ વિષે કહેતા, "એક્ટિંગ ન કરો, રોલને જીવો. દર્શક એનો ખુદબખુદ અનુભવ કરશે', દિલિપ કુમાર, રાજેશ ખન્ના, નસીરુદ્દીન શાહ જેવા મોટામોટા કલાકારો પણ એમના ફેન હતા. સૌ સ્ટારને સદા ધિક્કારતા નસીરુદ્દીન કહે છે, "મોતીલાલની એક્ટિંગ એવી હતી કે તમે ભૂલી જાઓ કે એ એક્ટિંગ કરે છે."

ફિલ્મ લાઈનમાં મોતીલાલની એન્ટ્રી એકદમ ફિલ્મી સ્ટાઈલથી થયેલી. દિલ્હીમાં કોલેજ પૂરી કર્યા પછી નૌકાદળમાં જોડાવા મુંબઈ આવ્યા. બીમાર પડી જવાથી એંટ્રેંસની પરીક્ષા આપી શક્યા નહીં. તો એક દિવસ સરસ તૈયાર થઈને શૂટિંગ જોવા માટે સાગર સ્ટુડિયો ગયા. ત્યાં દિગ્દર્શક કાલીપ્રસાદ ઘોષ કોઈ સામાજિક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા. એમની નજર મોતીલાલ પર પડી અને બસ અચાનક જ એમણે આગામી ફિલ્મ 'શહેર કા જાદુ'(૧૯૩૪)માં મેઈન રોલ આપી દીધો. મુખ્ય હીરો તરીકે 'શહેર કા જાદુ' એમની પહેલી ફિલ્મ હતી, પણ એમની પહેલી સફળ 'જાગીરદાર'(૧૯૩૮) હતી.



**નૂતન અને તનૂજા એમની જ પુત્રીઓ છે, એ વાત બોલીવૂડમાં સ્વીકારાયેલું સત્ય છે. એમાંયે ફિલ્મ 'અનાડી'માં મોતીલાલ-નૂતનની સામસામી અદાકારી ખૂબ યાદગાર છે**

આર. કે. નારાયણના પુસ્તક પર આધારિત ફિલ્મ 'મિ. સંપટ'(૧૯૫૨), 'અનાડી'(૧૯૫૯) અને 'પૈઘમ'(૧૯૫૯) જેવી ફિલ્મોમાં એમના કામની પ્રશંસા થઈ. આ ઉપરાંત એમણે 'હમ તુમ ઔર વો'(૧૯૩૮), 'તકદીર (૧૯૪૩)', 'અરમાન'(૧૯૪૨), 'કાલિયાં'(૧૯૪૪) જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. રાજ કપૂરની ફિલ્મ 'જાગતે રહો'(1956) ફિલ્મે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં નામ કમાયું હતું. આ ફિલ્મનું ગીત 'ઝિંદગી ખ્વાબ હૈ. ખ્વાબ મેં જૂઠ ક્યા ઔર ભલા સચ હૈ ક્યા?' માં મોતીલાલે જેવી એક મસ્ત શરાબીની અદાકારી કરેલી, રાજેશ ખન્નાએ અમર-પ્રેમમાં 'યે ક્યા હુઆ, કૈસે હુઆ'ગીતમાં એનું જ અનુકરણ કરેલું.

એમણે 'ડૉ. મધુરિકા'(૧૯૩૫) અને 'કુલવધુ (૧૯૩૭)'જેવા સામાજિક નાટકોમાં પણ અભિનય કર્યો હતો. એમણે ભોજપુરી ફિલ્મ 'સોલાહો સિંગર કરે દુલ્હનિયા'(૧૯૬૫)માં પણ અભિનય કર્યો હતો.

'દેવદાસ'(1955)માં એમનો ચુન્ની બાબુનો રોલ, જેમાં એ ચંદ્રમુખીના પ્રેમી હતા, એટલો દમદાર હતો કે એમને ફિલ્મફેર બેસ્ટ સપોર્ટિંગ એક્ટર એવોર્ડ મળ્યો હતો. એક સીનમાં, જ્યાં એ ચંદ્રમુખીને શાંતિથી જોઈ રહે છે, એમની આંખો બધું કહી દે છે-એવી એક્ટિંગ એ વખતે કોઈ નહોતું કરતું. ડિરેક્ટર બિમલ રોય એમને બહુ ઓછું સમજાવતા, એમને ખબર હતી કે મોતીલાલ રોલને પોતાની રીતે જ જીવંત કરી મૂકશે.

મોતીલાલનો ચાર્મ ફક્ત સ્ક્રીન પર જ નહોતો. પર્સનલ લાઈફ પણ એટલી જ રંગીન હતી. પહેલાં નાદિરા નામની હિરોઈન સાથે અફેર હોવાનું કહેવાય છે, પછી એમનું નામ શોભના સમર્થ સાથે જોડાયું. શોભના સમર્થ એટલે નૂતન અને તનૂજની મા અને આજની અભિનેત્રી અને અજય દેવગનની પત્ની કાજોલની નાની. મોતીલાલ અને શોભના સમર્થ સાગર ફિલ્મ કંપનીની ફિલ્મોમાં કામ કરતા ત્યારે બેઉ માત્ર મિત્ર હતા. જ્યારે શોભના સમર્થના છૂટાછેડા થયા, ત્યારે મોતીલાલે શોભનાને પરણવાનો પ્રસ્તાવ મૂકેલો. ત્યારે તો શોભનાએ ના પાડેલી પણ પાછળથી એમના પ્રેમનો પ્રસ્તાવ સ્વીકાર્યો હતો. શોભના સમર્થ અને મોતીલાલે ક્યારેય લગ્ન તો નહોતા કર્યા પણ એક અનામ સંબંધ હતો. નૂતન અને તનૂજા એમની જ પુત્રીઓ છે, એ વાત બોલીવૂડમાં સ્વીકારાયેલું સત્ય છે. એમાંયે ફિલ્મ 'અનાડી'માં મોતીલાલ-નૂતનની સામસામી અદાકારી ખૂબ યાદગાર છે.

મોતીલાલ, મોટા સ્ટાર હતા પણ એમના અભિનય જેટલા જ સરળ પણ હતા. એક દિવસ એક ફિલ્મના સેટ પર એક નાનો મજૂર એમની પાસે ઓટોગ્રાફ માંગવા ગયો. મોતીલાલે ફક્ત સાઈન જ ન કરી પણ એ છોકરાને પાસે બેસાડીને એની સાથે સિગરેટ શેર કરી અને શિમલાના જૂના દિવસોની વાતો કરી.

મોતીલાલને ઘોડાની રેસ અને જુગારનો ખૂબ શોખ. એક વખત એમનો 'ટ્રેટર'નામનો ઘોડો, રેસમાં ફિનિશ લાઈન પાસે આવીને પાછો વળીને મોતીલાલને જોવા ગયો અને રેસમાં હારી ગયો! પછીથી એમણે રેસકોર્સમાં રમવાનું તો છોડી દીધું પણ જુગારની લતે એમને પાયમાલ કરી મૂક્યા હતા. 1960ના દાયકામાં એમની પાસે લગભગ કશું ન રહ્યું. ડિરેક્ટર તરીકેની પહેલી ફિલ્મ'છોટી છોટી બાતેં'(1965) રિલીઝ થાય એ પહેલાં જ તેઓ ગરીબીમાં ગુજરી ગયા. મોતીલાલજીને આ ફિલ્મ માટે મરણોત્તર બે રાષ્ટ્રીય પુરસ્કારો પણ આપવામાં આવ્યા હતા. એક બેપરવા અને કોઈજાતના અપરાધભાવ વિના મસ્તીથી જીવનારા મોતીલાલ ફક્ત એક્ટર નહોતા, એક આગવી ખુશ્બૂ જેવા ઈંસાન હતા- સંવેદના, સ્ટાઈલ અને વિદ્રોહીતાનો સંગમ. મોતીલાલે જીવનમાં ખુબ શોહરત કમાઈ, ખૂબ દોલત ગુમાવી, ખૂબ રોમાંસ કર્યો ને અભિનયમાં ખૂબ સચ્ચાઈ દેખાડી. મોતીલાલનું જીવન ભલે પર્ફેક્ટ નહોતું, પણ રીઅલ-દંભ વિનાનું સાચુકલું હતું. એક સાચા કલાકારને છાજે એવું! બાય ધ વે, આજે 17 જૂને મહાન અભિનેતા મોતીલાલજીની પુણ્યતિથિ છે.

# 'ટ્રિલિયન ડૉલર' પ્રશ્ન!




**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર

મા નવ ઈતિહાસ સમયાંતરે અભૂતપૂર્વ આર્થિક અને તકનિકી પરિવર્તનોનો સાક્ષી રહ્યો છે. ઓગણીસમી સદીના અંત ભાગમાં જ્યારે અમેરિકા 'ગિલ્ડેડ એજ'માંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે રોકફેલર, કાર્નેગી અને જે.પી. મોર્ગન જેવા ઔદ્યોગિક માંધાતાઓએ રેલરોડ, સ્ટીલ અને તેલના સામ્રાજ્ય પર અબજોની સંપત્તિ ઊભી કરીને વૈશ્વિક અર્થતંત્રનો ચહેરો બદલી નાખ્યો હતો. આજે, એક સદી કરતાં પણ વધુ સમય પછી, આપણે ૨૧મી સદીના એક એવા જ ગંભીર વળાંક પર ઊભા છીએ જ્યાં ઈતિહાસ પુનરાવર્તિત કરી રહ્યો છે, પરંતુ આ વખતે આંકડા અને તેના સ્કેલ માનવ કલ્પનાની બહારના છે.

વિશ્વના પ્રથમ અધિકૃત 'ટ્રિલિયન ડૉલર' (૧ લાખ કરોડ ડૉલરથી વધુ)ના આસામી બનેલા ઈલોન મસ્ક અને તેમની કંપની 'સ્પેસ-એક્સ'ના આઈપીઓની ચર્ચા માત્ર વોલ સ્ટ્રીટ કે શેરબજારની તેજી-મંદી પૂરતી સીમિત નથી. આ આધુનિક મૂડીવાદ, અનિયંત્રિત આર્થિક અસમાનતા અને લોકશાહી સંસ્થાઓ પર વધતા કોર્પોરેટ પ્રભાવ વચ્ચેના સંબંધોને ઉજાગર કરતો એક અત્યંત સંવેદનશીલ રાજકીય-આર્થિક દસ્તાવેજ છે. આ માત્ર એક વ્યક્તિની સફળતાની ગાથા નથી, પરંતુ ગ્લોબલ ગવર્નન્સ અને અર્થતંત્રના બદલાતા મિજાજ પર વિચાર કરવા મજબૂર કરતો પ્રશ્ન છે.

ઈલોન મસ્કની વ્યૂહાત્મક કુશળતા એ છે કે તેઓ વોલ સ્ટ્રીટ અને વૈશ્વિક બેંકિંગ સિસ્ટમને પોતાની શરતો પર ચલાવવાની અદભુત ક્ષમતા ધરાવે છે. સ્પેસ-એક્સના આઈપીઓ વેલ્યુએશને ફરી એકવાર સાબિત કર્યું છે કે મસ્ક જે પણ પ્રોજેક્ટમાં હાથ નાખે છે, તેને વૈશ્વિક રોકાણકારો આંધળો સ્વીકાર કરે છે. આ અગાઉ વર્ષ ૨૦૨૨માં જ્યારે તેમણે ટ્વિટર (હવે X) ખરીદવા માટે ૧૩ અબજ ડૉલરની લોન માગી, ત્યારે દુનિયાની ટોચની બેંકો તેમની પાછળ લાઈન લગાવીને ઊભી હતી, ભલે પાછળથી તે ડીલને કારણે બેંકિંગ ક્ષેત્રમાં મોટો વિવાદ કેમ ન સર્જાયો હોય.

પરંતુ મસ્કની આજની તારીખની કુલ વ્યક્તિગત સંપત્તિ ૧.૧ ટ્રિલિયન ડૉલર (૧.૧ લાખ કરોડ ડૉલર)ને પાર કરી ચૂકી છે, જે સાઉથ આફ્રિકા જેવા આખા દેશના કુલ જીડીપી કરતાં પણ વધારે છે. માત્ર એક વર્ષમાં તેમની સંપત્તિમાં ૫૫૦ અબજ ડૉલરનો તોતિંગ ઉછાળો આવ્યો છે.

આ આંકડાને જો સાદી ગણતરીમાં સમજીએ, તો મસ્કે સરેરાશ દર મિનિટે ૧૦ લાખ ડૉલર (અંદાજે ૮.૩ કરોડ રૂપિયા)ની કમાણી કરી છે! જો કોઈ વ્યક્તિ દરરોજ ૧૦ લાખ ડૉલર વાપરવાનું શરૂ કરે, તો પણ મસ્કની વર્તમાન સંપત્તિ ખતમ કરતાં તેને પૂરા ૨,૭૪૦ વર્ષનો સમય લાગે. આ સ્કેલ સામાન્ય નાગરિકની સમજની બહારનો છે.

એક વરિષ્ઠ પત્રકાર તરીકે જ્યારે આપણે આ વૈશ્વિક અર્થતંત્રની ગતિવિધિઓને સ્થાનિક અને પ્રાદેશિક સ્તરેથી મૂલવીએ છીએ, ત્યારે આ અતિ-મૂડીવાદનું કદરૂપું ચિત્ર વધુ સ્પષ્ટ બને છે. પશ્ચિમી જગતમાં સર્જાતી આ અબજોપતિઓની આંધળી દોડ માત્ર અમેરિકા પૂરતી મર્યાદિત નથી રહેતી, પણ તેની સીધી અને આડકતરી અસરો આપણા ભારત જેવા વિકાસશીલ અર્થતંત્રો પર પણ પડે છે.

મારો સ્પષ્ટ વ્યૂહ છે કે જ્યારે કોઈ એક વ્યક્તિ કે ટેક્નોલોજીકલ ઈકોસિસ્ટમ આટલી વિશાળ આર્થિક શક્તિ મેળવે છે, ત્યારે ગ્લોબલ સપ્લાય ચેઈન અને કેપિટલ ફ્લો (મૂડીનો પ્રવાહ) વિકાસશીલ દેશોમાંથી ખેંચાઈને વિકસિત દેશોના આ પ્લેટફોર્મ્સ તરફ વળવા લાગે છે. ભારત આજે માળખાકીય વિકાસ, ડિજિટલ કનેક્ટિવિટી અને સ્વદેશી ઉત્પાદનના ક્ષેત્રે સ્વાયત્ત બનવા માટે જહેમત ઉઠાવી રહ્યું છે. તેવા સમયે જો સેટેલાઈટ ઈન્ટરનેટ (સ્ટારલિંક), સ્પેસ ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના મૂળભૂત માળખા પર વૈશ્વિક સ્તરે માત્ર એક કે બે ખાનગી કંપનીઓનો એકાધિકાર સ્થપાઈ જાય, તો ભારત જેવા દેશોના સ્થાનિક ઉદ્યોગો, ટેલિકોમ સેક્ટર અને પ્રાદેશિક વ્યવસાયો માટે સ્પર્ધામાં ટકી રહેવું લોઢાના ચણા ચાવવા સમાન બની જશે. અતિ-સંપત્તિનું આ કેન્દ્રીકરણ વૈશ્વિક બજારના સંતુલનને જોખમમાં મૂકે છે.

વર્લ્ડ ઈનઈક્વાલિટી રિપોર્ટ 2026ના આંકડા દર્શાવે છે કે ટેક્નોલોજીકલ ક્રાંતિનો મૂળ ઉદ્દેશ્ય સામાન્ય માણસ માટે તકોના દ્વાર ખોલવાનો અને આર્થિક અવરોધો તોડવાનો હતો, પરંતુ વાસ્તવિકતામાં તેના પરિણામો અત્યંત વિરોધાભાસી રહ્યા છે. આજે ડિજિટલ અર્થતંત્રનો અસલી નફો ડેટા, એલ્ગોરિધમ્સ, પ્લેટફોર્મ્સ અને કમ્પ્યુટિંગ નેટવર્કનું નિયંત્રણ કરનારા ગણતરીના લોકોના ખિસ્સામાં જઈ રહ્યો છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના અંદાજ મુજબ, છેલ્લા કેટલાક દાયકાઓમાં વિકસિત અર્થતંત્રોમાં કુલ આવકમાં શ્રમિકોનો હિસ્સો લગભગ ૪% જેટલો ઘટ્યો છે, જેની પાછળ અતિ-ઓટોમેશન અને ટેક્નોલોજીકલ પ્લેટફોર્મ્સ જવાબદાર છે.

દર વર્ષે ગરીબ અને વિકાસશીલ દેશોમાંથી વૈશ્વિક જીડીપીના ૧% જેટલી રકમ વિદેશી આવકના પ્રવાહ અને અસ્કયામતોના વળતર તરીકે અમીર દેશો તરફ વહી જાય છે. આ રકમ વૈશ્વિક સ્તરે અપાતી કુલ વિકાસ સહાય કરતાં ત્રણ ગણી વધારે છે! અતિશય સંપત્તિ જ્યારે કોઈ એક વ્યક્તિ કે જૂથના હાથમાં કેન્દ્રિત થાય છે, ત્યારે તે માત્ર આર્થિક પાવર નથી રહેતી, પણ એક પ્રચંડ રાજકીય હથિયાર બની જાય છે. ઈલોન મસ્ક જેવા ટ્રિલિયનરે પોતાની સંપત્તિના જોરે રાજકીય લોબિંગ, કેમ્પેઈન ફંડિંગ અને સુપર પીએસીના માધ્યમથી લોકશાહી પ્રક્રિયાઓ અને ન્યાયિક નીતિઓ પર પોતાનો પ્રભાવ જમાવવાનું શરૂ કર્યું છે.

સર્વેક્ષણો દર્શાવે છે કે અમેરિકાની ફેડરલ ચૂંટણીઓમાં માત્ર ૧૦૦ અબજોપતિ પરિવારો કુલ ફંડિંગનો ૧૦% હિસ્સો આપે છે. સ્વાભાવિક છે કે જેઓ ચૂંટણી જીતાડવામાં આટલો મોટો આર્થિક ફાળો આપતા હોય, તેઓ પાછળથી ટેક્સ પૉલિસી, મજૂર કાયદા અને હળવા નિયમનો પોતાના હિતમાં કરાવવાની ક્ષમતા પણ ધરાવે છે. સંશોધનો તો ત્યાં સુધી કહે છે કે એક સામાન્ય નાગરિકની સરખામણીએ કોઈ અબજોપતિ વ્યક્તિ જો ચૂંટણી લડે, તો તેની જીતવાની શક્યતા ૪,૦૦૦ ગણી વધારે હોય છે. આ સ્થિતિ લોકશાહીના 'એક નાગરિક, એક મત'ના મૂળભૂત સિદ્ધાંતને નબળો પાડે છે.

આજના યુગમાં જેની પાસે માહિતી અને કમ્યુનિકેશન પ્લેટફોર્મનું નિયંત્રણ છે, તે આખી દુનિયાની વિચારસરણીને પ્રભાવિત કરી શકે છે. આજે દુનિયાની ટોચની ૭૦% મીડિયા અને પ્રેસ કંપનીઓ પર અબજોપતિઓનું નિયંત્રણ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' ખરીદ્યા પછી ઈલોન મસ્કે જે રીતે વૈશ્વિક રાજકારણ અને સામાજિક વિષયો પર પોતાના અંગત વિચારોને પ્રમોટ કર્યા છે, તેનાથી ન્યૂઝરૂમની સ્વાયત્તતા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. બ્રિટનમાં સામાજિક અને વંશીય તણાવ વખતે પણ આ પ્લેટફોર્મના એલ્ગોરિધમનો ઉપયોગ ચોક્કસ એજન્ડા પ્રોજેક્ટ કરવા માટે થયો હોવાના આક્ષેપો ઉઠ્યા હતા.

૨૧મી સદીનો સૌથી મોટો પડકાર એ નથી કે શું આપણી આર્થિક સિસ્ટમ આટલી મોટી સંપત્તિ ઊભી કરી શકે છે કે

**અમેરિકાની ફેડરલ ચૂંટણીઓમાં માત્ર ૧૦૦ અબજોપતિ કુલ ફંડિંગનો ૧૦% હિસ્સો આપે છે, તેઓ પાછળથી ટેક્સ પૉલિસી, મજૂર કાયદા અને હળવા નિયમનો પોતાના હિતમાં કરાવવાની ક્ષમતા પણ ધરાવે, એક સામાન્ય નાગરિકની સરખામણીએ કોઈ અબજોપતિ વ્યક્તિ જો ચૂંટણી લડે, તો તેની જીતવાની શક્યતા ૪,૦૦૦ ગણી વધારે હોય છે!**

નહીં. અસલી પડકાર એ છે કે શું આપણી સામાજિક અને લોકશાહી સંસ્થાઓ પાસે આ આંધળી આર્થિક સત્તાને નિયંત્રિત કરવાની ક્ષમતા છે? જો આધુનિક મૂડીવાદને લોકશાહી માટે પૂરક રાખવો હોય, તો વૈશ્વિક સ્તરે અને પ્રાદેશિક સ્તરે કેટલાક કડક પગલાં લેવા અનિવાર્ય બનશે.

અતિ-અમીરો પર વેલ્થ ટેક્સ અને કોર્પોરેટ ગેઈન ટેક્સના નિયમો કડક અને સાર્વત્રિક હોવા જોઈએ જેથી મૂડીનું પલાયન અટકે. ટેક્નોલોજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એઆઈ અને સ્પેસ સેક્ટરમાં કોઈ એક સિંગલ પ્લેયરનો એકાધિકાર ન સ્થપાય તે માટે કાયદાકીય મર્યાદાઓ નક્કી થવી જોઈએ. ભારત જેવા દેશોએ પોતાની લોજિસ્ટિક્સ, ડિજિટલ પ્લેટફોર્મ્સ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને આ વૈશ્વિક ભક્ષકો સામે રક્ષણ આપવા માટે નીતિગત કવચ પૂરું પાડવું પડશે. ઈલોન મસ્કનું ટ્રિલિયનર બનવું એ એક વ્યક્તિગત સિદ્ધિ હોઈ શકે, પણ સામૂહિક રીતે માનવ સમાજ માટે તે એક ચેતવણીની ઘંટડી છે. અર્થતંત્રનું ગણિત એટલું મોટું ન થઈ જવું જોઈએ કે જે લોકશાહી પ્રણાલી અને સામાજિક સમાનતાના ભોગે સામ્રાજ્ય ઊભું કરે.

# પર્યાવરણ અને વ્યક્તિગત ઉત્તરદાયિત્વ

૫ ર્યાવરણ એટલે આજુબાજુની સમગ્ર જીવસૃષ્ટિ તેમજ કુદરતી માહોલ. હકીકતમાં આમાં માનવ-નિર્મિત પરિસ્થિતિનો પણ સમાવેશ થાય, પરંતુ જ્યારે પર્યાવરણની વાત કરાતી હોય છે ત્યારે કુદરતી માહોલ અને જીવસૃષ્ટિને વધુ પ્રાધાન્ય મળતું હોય છે. તેથી જ પર્યાવરણમાં હવા, જમીન, પાણી, વૃક્ષ અને તેમનાં એકત્રીકરણ સમાન આબોહવા, વાતાવરણ, પર્વત, સરોવર, નદી, સમુદ્ર, જંગલ, વનરાજીનો સમાવેશ જોવાં મળે છે. જોકે અહીં માનવીય વસાહત અને ઔદ્યોગિક સંકુલનો પણ સમાવેશ થવો જોઈએ. પર્યાવરણ એટલે જીવનને અસર કરતી દરેક કુદરતી સામાજિક તથા નિર્મિત પરિસ્થિતિ. વિશ્વનો જો આજે કોઈ સૌથી જટિલ પ્રશ્ન હોય તો તે પર્યાવરણનો છે. કોઈ એમ પણ કહી શકે કે વિશ્વનો સૌથી જટિલ પ્રશ્ન 'યુદ્ધ' છે; પરંતુ યુદ્ધ ક્યાંક અટકાવી શકાય અથવા અટકી જાય; પર્યાવરણ માટે એમ માનવું અશક્ય છે. પર્યાવરણની ખરાબ સ્થિતિ માટે દરેક વ્યક્તિ જવાબદાર છે અને તેથી જ તેનું નિરાકરણ બહુ જ મુશ્કેલ છે. એમ માનવામાં આવે છે કે કોઈ એક પરિસ્થિતિ દ્વારા થયેલું પર્યાવરણનું નુકસાન સમગ્ર સૃષ્ટિમાં વિભાજિત થઈ જતું હોવાથી તે નુકસાનના ચોક્કસ પ્રકારનાં ઉત્તરદાયિત્વ માટે અમુક પ્રકારનું દોષારોપણ મુશ્કેલ બની રહે છે; જેથી જાણે દરેક વ્યક્તિ હાથ ખંખેરી નાખે છે. પર્યાવરણનાં પ્રશ્નોનાં નિરાકરણ માટે દરેક વ્યક્તિમાં સંવેદનશીલતા, જાગ્રતા, સભાનતા, વિચારશીલતા અને સામાજિક ઉત્તરદાયિત્વ માટેની તત્પરતા હોવી જરૂરી છે. આ હિમાલય જેવું મહાન કાર્ય છે પરંતુ આશા છોડવાની જરૂર નથી.

એ તો બધાં જાણે છે કે હવા પ્રદૂષિત થઈ રહી છે, હવામાં ઝેરી વાયુની માત્રા વધતી જાય છે, પાણીના સ્ત્રોતમાં પ્રદૂષણ પ્રસરી રહ્યું છે, જમીને તેનો રસકસ ગુમાવી રહી છે, જમીનનું ધોવાણ પણ થઈ રહ્યું છે, વૃક્ષોની સંખ્યા અને જંગલના વિસ્તારમાં કમી આવી રહી છે, આબોહવાના ચક્રમાં અનિયમિતતા વધી રહી છે, કેટલીક ચોક્કસ પ્રજાતિનું અસ્તિત્વ જોખમમાં આવી ગયું છે, પશુપંખીના અસ્તિત્વ માટે જરૂરી કુદરતી વ્યવસ્થામાં વિક્ષેપ પડી રહ્યો છે, જળવાયુ પરિવર્તન ચિંતાજનક સ્તરે પહોંચી રહ્યું છે, અનિશ્ચિત અને આકસ્મિક કુદરતી કહેરની માત્રા અને ઉગ્રતા વધતી રહી છે - આ અને આવી બાબતોની બધાંને જાણ છે છતાં પણ તે પ્રત્યે ગંભીરતાની કમી છે. આ અવગણના જોખમી છે; આ અવગણના પાછળ એક પ્રકારનો અભિગમ કાર્યરત છે. અહીં માનસિક, બૌદ્ધિક, વૈચારિક અને ભાવનાત્મક પ્રદૂષણની વાત તો અસ્થાને છે; પણ એ સ્વીકારવું પડે કે તે બધી બાબતો પણ પ્રદૂષિત થઈ રહી છે. જો તે પ્રદૂષણ દૂર થાય તો પર્યાવરણ વિશે સકારાત્મક અભિગમ સ્થપાઈ શકે.



**અહીં માનસિક, બૌદ્ધિક, વૈચારિક અને ભાવનાત્મક પ્રદૂષણની વાત તો અસ્થાને છે; પણ એ સ્વીકારવું પડે કે તે બધી બાબતો પણ પ્રદૂષિત થઈ રહી છે. જો તે પ્રદૂષણ દૂર થાય તો પર્યાવરણ વિશે સકારાત્મક અભિગમ સ્થપાઈ શકે**

આધુનિક જીવનશૈલી પર્યાવરણ પર વધુ અને વધુ દબાણ લાવે છે. અન્નનો બગાડ થઈ રહ્યો છે, સામગ્રીની ઉપયોગીતામાં સંયમનો અભાવ છે, ફેર-ઉપયોગ કે ઉપયોગના બદલાવ માટેની માનસિકતા ઓછી થતી જાય છે, દરેક કાર્ય માટે વિશેષ અને અલગ સંસાધનકિય આવશ્યકતા સ્વીકારતી હોય છે, પાણીના બચાવ માટે કોઈ સંવેદનશીલતા નથી, બાથટબ હોય કે વોશિંગ મશીન, પાણીનો વ્યય દરેક જગ્યાએ વધતો જ જાય છે, દરેક 'જૂની' વસ્તુને કચરો સમજી લેવાની માનસિકતા સ્થાપિત થઈ ગઈ છે, ભૌતિક સુખ-સગવડની અતિશય ઈચ્છા પર કોઈ લગામ નથી, વૈભવી અને ઉપભોક્તાવાદી જીવનશૈલી પર કોઈ તર્કબદ્ધ નિયંત્રણ નથી, રહેણાંક પ્રવૃત્તિમાં ઊર્જાની ખપત પણ વધતી રહી છે, દરેક મધ્યમ વર્ગના રહેણાંકના દરેક ઓરડામાં વાતાનુકુલ મશીન જાણે આવશ્યક થઈ ગયું છે - લોકોને ૨૪X૭ સીમલામાં જ રહેવું છે, આવી માનસિકતા વાહન માટે પણ છે, સાયકલ તો હવે જાણે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક માટે જ વપરાય છે, વૃક્ષની જગ્યાએ કારને વધુ મહત્વ અપાય છે - આ બધી વાસ્તવિકતા સામે એ સમજી લેવું પડે કે જીવનશૈલી જેટલી સંતુલિત અને અને ઉપયોગીતા જેટલી સંયમિત હશે, પર્યાવરણની ગુણવત્તા એટલી સારી રહેશે. વૃક્ષારોપણને અઢળક પ્રોત્સાહન મળવું જોઈએ, પ્લાસ્ટિકના અનિયંત્રિત ઉપયોગ સામે દંડાત્મક કાર્યવાહી થવી જોઈએ, પાણીનો પુરવઠો વધુ નિયંત્રિત કરાવો જોઈએ, બાંધકામની ચોક્કસ સામગ્રીને વધુ પ્રોત્સાહન મળવું જોઈએ, ગ્રામ્ય વિસ્તારમાં રોજગારની વધુ તક ઊભી કરાવી જોઈએ, સોશિયલ મીડિયા, સમાચાર અને મનોરંજનના ક્ષેત્રમાં પર્યાવરણને યોગ્ય સ્થાન મળવું જોઈએ અને આવી પ્રત્યેક પ્રવૃત્તિ સાથે નાનપણથી જ બાળકના મનમાં પર્યાવરણ પ્રત્યેની સભાનતા સ્થપાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. પર્યાવરણ માટે વાસ્તવિક સંવેદનશીલતા અને સભાનતા જાગે તે માટે સામાજિક, રાજકીય તેમજ સંસ્થાકીય સ્તરે સકારાત્મક કાર્યક્રમની ખૂબ આવશ્યકતા છે. કચરાનાં પુનઃચક્રિકરણ, સૂર્ય તથા પવન-ઊર્જા અને સક્ષમ જાહેર પરિવહન વ્યવસ્થા વધુ ધ્યાન કેન્દ્રિત થાય તે પણ જરૂરી છે. વસ્તી વધારાના નિયંત્રણ માટે પણ કોઈ સચોટ આયોજન જરૂરી છે. પર્યાવરણમાં એ ક્ષમતા નથી કે ભવિષ્યની કરોડોની વસ્તીને તે પોષી શકે. પર્યાવરણનું રક્ષણ વ્યક્તિ, સમાજ અને સરકાર, ત્રણેયના સહયોગ અને પ્રયત્નથી શક્ય બને. મજાની વાત એ છે કે શું કરવું જોઈએ તેની બધાને ખબર છે પણ તે પ્રમાણે વ્યવહાર થતો દેખાતો નથી. દરેક વ્યક્તિ શિખામણ આપવા તૈયાર છે. વિશ્વ પર્યાવરણ દિવસે વોટ્સએપ પર પર્યાવરણ માટેની સંવેદનશીલતામાં જાણે અકલ્પનીય ઉછાળો આવશે જે બીજા દિવસે બેસી જશે. પર્યાવરણ વિશે કોઈ સારો મેસેજ ફોરવર્ડ કરી દઈને પર્યાવરણ વિશેની ગંભીરતા વ્યક્ત કરી સંતોષ માની લેવામાં આવશે.

**આંખની અટારી**

★ હેમુ ભીખુ

તેનાં બદલે અથવા તેની સાથે, દરેક વ્યક્તિએ જન્મદિવસે કોઈ જગ્યાએ એક વૃક્ષ વાવવું જોઈએ, રોજનો એક કલાક ઊર્જાના ઉપયોગ વગર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ, જ્યાં શક્ય હોય ત્યાં પુનરુપયોગને પ્રોત્સાહન આપવું જોઈએ, કચરાને વર્ગીકૃત કરી 'અંતિમ-કચરા'ની માત્રા ઓછી થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ અને અગત્યનું, થોડીક અગવડતા વેઠીને પણ પ્લાસ્ટિકના ઉપયોગને મર્યાદિત રાખવો જોઈએ, વિકાસ માટે ઔદ્યોગિકરણની આવશ્યકતા છે. પરંતુ ક્યાંક સંતુલન વિશે વિચારવું પડે. શહેરો પ્રત્યેનો લગાવ અને ખેંચાણ સ્વાભાવિક છે, પણ અહીં ક્યાંક વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવી પડે. બાંધકામની આવશ્યકતા તો છે જ પણ તેની શૈલીની પસંદગીમાં પર્યાવરણ પ્રત્યેની સંવેદનશીલતા દેખાવી જોઈએ. વસ્તી વધી રહી છે અને સામે ખેતીલાયક જમીનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે, અહીં ક્યાંક તકનીકી વિકલ્પોની આવશ્યકતા છે. સામૂહિક રીતે તો પર્યાવરણ માટે કેટલાંક પગલાં ભરી શકાય પરંતુ વ્યક્તિગત ધોરણે પણ પ્રયત્ન જરૂરી છે.